ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૫૮/૨૨-૨૩/ 3888 તારીખ : 06 DEC 2022

~~આર.પી.એ.ડી.~~

કેસ નં.૫૮/૨૨-૨૩

પ્રતિ,
**શ્રી હથીયારી હોજેફાભાઈ જોયબઅલી,**
**નવા ઝાંપા, હુસેની કુવા પાસે,**
**મું.મહુવા**
**તા.મહુવા,**
**જી.ભાવનગર**

**મો.નં- ૯૮૨૪૫ ૭૫૧૫૨**

**વિષય : દુકાનનું વિજ વપરાશનું કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૭/૧૦/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૪/૧૦/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૮/૨૨-૨૩/૩૪૦૫ તા.૧૭/૧૦/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૮/૨૨-૨૩/૩૫૪૩ તા.૦૨/૧૧/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૫/૧૧/૨૦૨૨** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

O/c

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૫૮/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી હથીયારી હોજેફાભાઈ જોયબઅલી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૧૫/૧૧/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી હથીયારી હોજેફાભાઈ જોયબઅલી (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા**
**શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી હથીયારી હોજેફાભાઈ જોયબઅલી, મું.મહુવા, તા.મહુવા, જી.ભાવનગરની દુકાનનું વિજ વપરાશનું કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૫૮/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૫૮/૨૨–૨૩/૩૪૦૫ તા.૧૭/૧૦/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૫/૧૧/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી હથીયારી હોજેફાભાઈ જોયબઅલી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા શ્રી એમ.પી.ભુત, નાયબ ઈજનેર, શહેર પેટા વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદાર દ્વારા ભાવનગર જીલ્લાના મહુવા શહેરમાં નવા ઝાંપા, હુસેન કુવા પાસે, મકાન તથા દુકાન બનાવેલ છે. મકાનની પાછળ રોડ ઉપર આગળ મકાન અને દુકાન છે. મકાનમાં સીગલ ફેઈઝ લાઈટીગ વિજ કનેકશન ચાલે છે. મકાન અને દુકાન ના હલન ચલન ના રસ્તા અલગ છે. દુકાન માટે અમે કોમર્શિયલ નવું વિજ જોડાણની માંગણી તા.૦૬/૦૭/૨૦૨૨ ના રોજ કરેલ. રજીસ્ટેશન ચાર્જના નાણાં લીધેલ નહી. આ કચેરીમાં કંપનીના નિયમ વિરૂધ્ધ કામ કરવામાં આવે છે. સીધા એ–વન ફોર્મના રજીસ્ટ્રેશન ચાર્જ લેવામાં આવતો નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ અરજદાર દ્વારા જણાવવામાં આવે છે કે, સદર કચેરીમાં બિલીગ વિભાગના કલાર્ક મેહુલ વ્યાસની લાઈન દોરી ઉપર કામ કરવામાં આવે છે. નો ડયુ સર્ટીફીકેટ આપતા નથી તેની મરજી પ્રમાણે નો ડયુ કાઢી એ–વન ફોર્મ નાયબ ઈજનેર ની ઓફીસમાં આપે છે. નાયબ ઈજનેર તેમની મરજી પ્રમાણે હેલ્પરને સર્વે કરવા આપે છે. બિલીગ વિભાગના કલાર્ક મેહુલ વ્યાસ નાયબ ઈજનેર અને જુ.ઈજનેર ને સલાહ આપે કે એક કનેકશન ઘર વપરાશનું ચાલુ હોઈ તો બીજું કનેકશન આપવું નહી. દુકાનમાં કંપનીના કયા પરિપત્રમાં લખેલ છે. ગવર્નમેન્ટ ઓફ ગેજેટમાં લખેલ નથી. આ કચેરીમાં વિજીલન્સ મારફત તપાસ કરવો કેટલા ગ્રાહકના એ–વન ફોર્મ પેન્ડીગ પડેલા છે. અરજદાર દ્વારા કચેરીમાં તા.૦૬/૦૭/૨૦૨૨ ના રોજ એ–વન ફોર્મ આપેલ અને તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ તેઓને પરત કરેલ. સર્વે કરનાર પંકજ જોષી –હેલ્પર, કલાર્ક મેહુલ વ્યાસ, જુ.ઈ લંગાળીયા, નાયબ ઈજનેર ભૂત તમામે વિજ કનેકશન આપવાની ના પાડેલ છે. તો આપ સાહેબ તપાસ કરાવી દુકાન માટે વિજ કનેકશન મંજૂર કરવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ આપ સાહેબશ્રી ને જણાવવાનું કે, અત્રેની મહુવા શહેર પેટા વિભાગ કચેરીએ અરજદારશ્રી હથીયારી હોજેફાભાઈ જોયબઅલી, ગામ–મહુવાને દુકાનનું વિજ વપરાશનું કનેકશન ન મળવા બાબતની રજૂઆત મળેલ.

૨.૨ જેના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની મહુવા શહેર પેટા વિભાગ કચેરીમાં હાલમાં રજૂઆતકર્તા શ્રી ની કોઈપણ હેતુ માટેના વિજ કનેકશનની માંગણીની અરજી અત્રેની મહુવા શહેર પેટા વિભાગ કચેરીમાં પેન્ડીગ નથી તેમજ તેમને જે વાણિજય હેતુ માટે સદર માંગણી મૂકેલ નવા વિજ જોડાણની જગ્યા પર વિજ કનેકશન ની માંગણી કરવા માંગતા હતા તે જગ્યાનો આધાર તેમની પાસે રહેણાંકીય હેતુનો છે. તેમની પાસે સદર માંગણી મૂકેલ નવા વિજ જોડાણની જગ્યા પર દુકાન છે કે વાણિજય હેતુ ધરાવે છે તેનો કોઈ જ આધાર નથી જે આપ સાહેબની નમ્ર જાણ સારૂં.

૨.૩ વધુમાં નાયબ ઈજનેરશ્રી, મહુવા શહેર પેટા વિભાગ કચેરી, મહુવા દ્વારા જણાવવામાં આવે છે કે અરજદાર જે સીની.આસી.(ઈન્ચાર્જ નાયબ અધિક્ષક) મેહુલ વ્યાસ ની તેમજ પી.કે.જોષી (આસી.લાઈનમેન) અને લંગાળીયા સાહેબ(જુની.ઈજનેર) અને નાયબ ઈજનેરશ્રી એમ.પી.ભુત ની ફરીયાદ કરે છે તેમને અત્રે મહુવા શહેર પેટા વિભાગીય કચેરીમાં નાયબ ઈજનેરશ્રી ની રૂબરૂમાં અરજદારની નવા કનેકશનની વાણિજય હેતુ ની અરજી સંદર્ભના ડોકયુમેન્ટસ અપૂરતા હોવાના કારણે, બિલીંગ વિભાગમાંથી પરત આપેલ હતા અને નાયબ ઈજનેરશ્રી અરજદારને તેમની નવા વાણિજય હેતુની માંગણી માટેના ખૂટતા ડોકયુમેન્ટસ અંગે સંપૂર્ણ માહિતગાર કરેલ હતા. તેમજ અરજદાર તેમની વાણિજય હેતુ માટેના ખૂટતા ડોકયુમેન્ટસ અત્રેની મહુવા શહેર પેટા વિભાગ કચેરીમાં આપતા તેમના નવા વાણિજય હેતુ માટેના વિજ કનેકશનની આગળની કાર્યવાહી કરવામાં આવશે તેમ પણ વિગતવાર સમજાવેલ હતું. તેમના ખૂટતા ડોકયુમેન્ટસ તેમને પરત આપ્યા બાદ અરજદાર દ્વારા અત્રે મહુવા શહેર પેટા વિભાગ કચેરી નો કોઈ જ સંપર્ક હાલ દિન સુધી કરેલ નથી. જે આપ સાહેબની નમ્ર જાણ સારૂં.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદારશ્રી હથીયારી હોજેફાભાઈ જોયબઅલી, મહુવા દ્વારા તેમના દુકાન ના હાલના ઘર વપરાશના કનેકશન સામે વાણિજય હેતુ માટેનું વિજ કનેકશન પ્રતિવાદી પીજીવીસીએલ ની શહેર પેટા વિભાગ કચેરી દ્વારા ન આપવા તથા સ્ટાફ અંગેની ફરીયાદ ફોરમને કરેલ છે.

૩.૨ આજરોજ તા.૧૫/૧૧/૨૦૨૨ ની રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષો હાજર છે તથા પોતાનો પક્ષ રજૂ કરેલ છે.

૩.૩ આજરોજની રૂબરૂ સુનાવણી દરમ્યાન ફોરમને જણાય છે કે,વાદી હાલ જે જગ્યા નો કબ્જો ધરાવે છે તથા જયાં હાલ ઘર વપરાશનું કનેકશન છે જેનો હેતુ ફેર કરી વાણિજય નો કરવાનો વાદી આગ્રહ રાખે છે તે કનેકશન હાલ વાદીના નામે નથી. આમ, તે જગ્યા પર બીજું કનેકશન ન મળે તે બાબતની પ્રતિવાદી ની રજૂઆત યોગ્ય છે.

૩.૪ ઉપરોકત સંજોગોમાં સુનાવણી દરમ્યાન વાદીને પ્રથમ હાલનું કનેકશન નામ ફેર કરી પોતાના નામે કરવા સમજણ આપવામાં આવેલ છે તથા નામ ફેર કરાવ્યા બાદ તે કનેકશન પર કોમર્શિયલ ટેરીફ મુજબ બિલ મળે તો વાંધો નથી તે બાબત ની અરજી આપી કનેકશન નો ટેરીફ ચેન્જ કરાવવો. અન્યથા, નગરપાલિકામાં જગ્યા રજીસ્ટર કરાવી, કોમર્શિયલ હેતુ માટેના કનેકશનની માંગણી કરી શકાય, તે બાબતે પણ સમજણ આપેલ છે.

૩.૫ આથી હુકમ કરવામાં આવે છે કે, તારણ નં–૩.૪ માં જણાવ્યા મુજબની વાદી દ્વારા પ્રક્રિયા કર્યા બાદ મીટીગમાં થયેલ ચર્ચા મુજબ પ્રતિવાદીએ વાદીના નવા કનેકશન/નામ ફેર અંગેની કાર્યવાહી કરવી.

<u>–:: હુકમ ::–</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કંમ્પાઉન્ડ, કનકરોડ, ત્રિકોણબાગ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(એન.આઈ.ઉપાધ્યાય)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કાું.લી.:ભાવનગર.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– **૧૫/૧૧/૨૦૨૨.**